## શું કરવું

1. તમારા એટીએમ કાર્ડના ટ્રાન્સેક્શન એકદમ ગુપ્તતાથી કરો, તમારા પર્સનલ આઈડેન્ટીફિકેશન નંબર (પીન) પર કોઈની નજર ન પડે તેનું ધ્યાન રાખો.
2. તમારું ટ્રાન્સેક્શન પત્યા પછી એટીએમ સ્ક્રીન પર વેલકમ સ્ક્રીન આવે તેની ખાતરી કરો.
3. તમારો હાલનો મોબાઈલ નંબર બેંક સાથે રજીસ્ટર કરાવો, જેથી તમારા તમામ ટ્રાન્સેક્શન્સ વિશેની માહિતી તમને મળતી રહે.
4. એટીએમની આસપાસ લોકોની શંકાસ્પદ હિલચાલ વિશે અને તમને વાતચીતમાં પરોવવાનો પ્રયત્ન કરતી અજાણી વ્યક્તિઓથી સાવધ રહો.
5. જો કાર્ડ મર્ચન્ટને આપવામાં આવ્યું હોય તો, ટ્રાન્સેક્શન પછી એ તમારું કાર્ડ છે તે તપાસી લો.
6. જો એટીએમ/ડેબિટ કાર્ડ ખોવાયું હોય તો તુરંત બેંકને જાણ કરો.  કોઈ અનધિકૃત ટ્રાન્સેક્શન થયું હોય તો બેંકને જાણ કરો.
7. ટ્રાન્સેક્શન વિશેના સંદેશા, એસએમએસ અને બેંક સ્ટેટમેન્ટ નિયમિતરૂપે તપાસતા રહો.
8. જો રોકડ બહાર ન આવી હોય અને એટીએમ કાર્ડમાં 'કેશ આઉટ (રોકડ બહાર)' ડિસ્પ્લે ના થાય તો, નોટિસ બોર્ડ પર આપેલ નંબર પર બેંકને જાણ કારો.
9. ડેબિટ થયેલ રકમ માટેના એસએમએસ માટે તુરંત તમારો ફોન તપાસો.
10. તમને મળે કે તરત જ તમારા કાર્ડની પાછળની પટ્ટી પર સહી કરો.
11. તમારો પિન યાદ રાખો અને પિન સંબંધિત તમામ દસ્તાવેજી પુરાવાનો નાશ કરો.
12. પિન નોંધ્યા બાદ, તમને મળેલ પિન મેઈલરનો પણ નાશ કરો.
13. તમને મળે કે તુરંત જ પિન બદલી નાખો.
14. પિન નિયમિત રૂપે, ખાસ કરીને ત્રણ મહિને એકવાર બદલતા રહો.
15. કાર્ડનો પ્રથમ ઉપયોગ એટીએમમાં થવો આવશ્યક છે, નહીંતર તે પોઈન્ટ ઑફ સેલ (પીઓએસ) ટર્મિનલ પર સ્વીકાર થશે નહીં.
16. તમારા એટીએમ ટ્રાન્સેક્શન્સ વિશે એસએમએસ સંદેશા મેળવવા માટે તમારો મોબાઈલ નંબર બેંક સાથે રજીસ્ટર કરાવો.
17. ખાતામાં કોઈપણ અનધિકૃત ટ્રાન્સેક્શ થયેલું જણાય તો, તાત્કાલિક બેંકને જાણ કરો.  જો તમારા ડેબિટ કાર્ડના ઉપયોગથી કોઈ છેતરામણુ વિથડ્રોઅલ થયું હોય તો, તે જાણવામાં તમને મદદરૂપ થશે.
18. તમારું કાર્ડ એવી સુરક્ષિત જગ્યાએ સાચવો જ્યાંથી તે ખોવાય તો તમને તુરંત જાણ થાય.
19. એટીએમ કાર્ડને એવી રીતે જ સાચવો કે તે **રોકડ** હોય અને સુરક્ષિત છે તેની ખાતરી કરો.
20. એટીએમ-કમ-ડેબિટ કાર્ડને સાચવીને મૂકો કે તેની મેગ્નેટિક પટ્ટી ખરાબ ન થાય.
21. એટીએમમાં જતા પહેલાં તે જગ્યાએ શંકાસ્પદ દેખાતા લોકોની તપાસ કરો.  જો તમને સુરક્ષિત ન લાગે તો તુરંત જ એટીએમમાંથી બહાર નીકળી જાઓ.
22. જો તમને કંઈ શંકાસ્પદ જણાય અથવા એટીએમ ટ્રાન્સેક્શન શરૂ કર્યા બાદ કઈ સમસ્યા થાય તો, તમે ટ્રાન્સેક્શન રદ કરીને બહાર નીકળી શકો છો.
23. 'શોલ્ડર સર્ફિંગ (પાછળથી નજર)'થી સાવધ રહો.  પિન દાખલ કરતી વખતે કી-પેડની વચ્ચે ઉભી રહીને તમારા પિનને આવનાર લોકોથી સંતાડો.
24. ટ્રાન્સેક્શન બાદ તમારી પાસે કાર્ડ અને રસીદ હોય તેની ખાતરી કરો,અને પછી તુરંત નીકળી જાઓ.
25. એકવાર તમારું ટ્રાન્સેક્શન પતે પછી, નીકળતા પહેલાં, એટીએમમાં 'વેલકમ સ્ક્રીન' પાછી દેખાય છે અને તે ફરી રહી છે તેની ખાતરી કરો.
26. થોડા થોડા સમયે, ચકાસણી માટે પાસબુક એન્ટ્રી તપાસતા રહો.  જો કોઈ અનધિકૃત ટ્રાન્સેક્શન દેખાય તો, તાત્કાલિક બેંકને જાણ કરો.
27. ખરીદ કેન્દ્રો (પોઈન્ટ ઑફ સેલ – પીઓએસ) પર કાર્ડ તમારી હાજરીમાં સ્વાઈપ કરવામાં આવે તેની ખાતરી કરો.
28. જો તમારું એટીએમ/ડેબિટ કાર્ડ ખોવાયું કે ચોરાયું હોય તો, કાર્ડને તાત્કાલિક હોટલિસ્ટ કરાવો. ડેબિટ કાર્ડને હોટલિસ્ટ કરવા માટે હેલ્પલાઈન નંબર – 1800 1200 1200 પર કોલ કરો અથવા નજીકની શાખાનો સંપર્ક કરો.
29. મુદત સમાપ્તિ પર કે ખાતું બંધ કરાવવા પર કાર્ડનો નાશ કરતી વખતે, તેને મેગ્નેટીક પટ્ટીથી ચાર ટુકડામાં કાપો.
30. એટીએમ સાથે જોડાયેલ અતિરિક્ત ડિવાઈસ તપાસો.  તમારો ડેટા નોંધવા માટે તે રાખ્યું હોઈ શકે છે.  જો કોઈ એવી ડિવાઈસ દેખાય તો તાત્કાલિક સિક્યોરિટી/બેંકને જાણ કરો.

## શું ન કરવું

1. કાર્ડ પર તમારો પિન ન લખો, તમારો પિન મૌખિક યાદ રાખો.
2. અજાણ્યા લોકો પાસેથી મદદ ન લો કે ઉપયોગ માટે તમારું કાર્ડ કોઈને ન આપો.
3. બેંક કર્મચારી કે પરિવાર સહિત, તમારો પિન કોઈને ન જણાવો.

4. ચૂકવણી કરતી વખતે તમારું કાર્ડ તમારી નજરથી દૂર ન કરો.
5. લેવડદેવડ કરતી વખતે મોબાઈલ ફોન પર વાત ન કરો.
6. સ્વજન/મિત્ર કે બેંકના પ્રતિનિધિ હોવાનો દાવો કરતી કોઈ વ્યક્તિ, તમારું કાર્ડ કોઈન પણ ન આપો.
7. તમારો પિન ક્યારે તમારા વૉલેટમાં કે પર્સમાં ન રાખો.
8. તમારો પિન દાખલ કરતી વખતે કોઈને જોવા ન દો.
9. એવો પિન ન રાખો કે જેનો આસાનીથી અંદાજ લગાવી શકાય જેમ કે તમારો જન્મદિન, કે ટેલિફોન નંબર.
10. તમારું કાર્ડ ક્યારેય એટીએમમાં ન ભૂલો.
11. કાર્ડને ક્યારેય ધ્યાન બહાર ન રાખો, જેમ કે કારમાં, કે હોટલની રૂમમાં કે કામના સ્થળે કે કોઈ દુકાનમાં તમારી નજરથી દૂર ન રાખો.
12. જે જગ્યાઓએ ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઑફ સેલ સ્વાઈપ ટર્મિનલ્સ ન હોય ત્યાં ક્યારેય તમારા ડેબિટ કાર્ડનો ઉપયોગ કરવાનો પ્રયત્ન ન કરો.
13. પિન મેઈલર પર સ્ક્રેચ ન કરો. પરબિડીયાની ધારને ફાડો અને પિન સરળતાથી દેખાય તે માટે પરબિડીયાને ફેરવો.
14. તમારો એટીએમ પિન માંગતો અને બેંક તરફથી હોવાનો દાવો કરતા કોઈપણ ઈ-મેલનો જવાબ ન આપો. તેને ફિશીંગ પ્રયત્નો કહેવાય છે. એયુ સ્મૉલ ફાયનાન્સ બેંકમાં, અમારી પરના વિશ્વાસનો અમે આદર કરીએ છીએ અને કોઈપણ હેતુ માટે ક્યારેય વ્યક્તિગત વિગતો જેવી કે પિન માંગતા નથી.
15. યોગ્ય ન લાગે તેવા અથવા બદલાયેલા લાગે/શંકાસ્પદ ઉપકરણ લગાડેલ હોય/શંકાસ્પદ રીતે કામ કરતા હોય તેવા કોઈપણ એટીએમમાં તમારા પિન આધારીત જાણકારી ન આપો.
16. તમારી રોકડ રકમનું પ્રદર્શન કે ગણતરી ન કરો, તેને તમારા પોકેટમાં સુરક્ષિત રીતે મૂકો અને એટીએમમાંથી બહાર નીકળી જાઓ.
17. એટીએમનો ઉપયોગ કરતી વખતે કોઈના તરફથી અથવા સિક્યોરિટી ગાર્ડની મદદ પણ ન સ્વીકારો.

**એયુ બેંક એટીએમ્સમાં એટીએમ કેશ વિથડ્રોઅલ – એટીએમ સંબંધિત ફરિયાદો નોંધાવવા માટેની જાણકારી**

1. <u>તમામ નોન-એયુ બેંક ગ્રાહકો માટે:-</u> તમામ 'નોન-એયુ બેંક ગ્રાહકો'ને અમારી વિનંતી છે કે નિષ્ફળ એટીએમ ટ્રાન્સેક્શનના કિસ્સામાં, કથિત એટીએમ કાર્ડ લિંક્ડ હોય અને ખાતુ જળવાતુ હોય તે બેંકની શાખામાં ફરિયાદ નોંધાવવી જરૂરી છે

2. <u>તમામ એયુ બેંક ગ્રાહકો માટે :-</u> તમામ 'એયુ બેંક ગ્રાહકો'ને અમારી વિનંતી છે કે નિષ્ફળ એટીએમ ટ્રાન્સેક્શનના કિસ્સામાં બેંકની કોઈપણ શાખામાં ફરિયાદ નોંધાવવી જરૂરી છે. વૈકલ્પિક રીતે ગ્રાહક ફરિયાદ નોંધાવવા માટે સહાય મેળવવા માટે એયુ બેંક કસ્ટમર સર્વિસનો આ નંબરો પર સંપર્ક કરી શકે છેઃ- **1800 1200 1200**.

**આ એટીએમ સાઈટ ...................... ....................શ્રેણીમાં આવે છે.**

**નોંધઃ આ ક્ષેત્ર સીસીટીવી દેખરેખ હેઠળ છે.**

**<u>કેશ રીટ્રેક્શનઃ- બહાર નીકળેલ રોકડને લઈ લો કેમ કે આ એટીએમમાં કેશ રીટ્રેક્શન સેવા ઉપલબ્ધ નથી.</u>**

<u>પૈસા ઉપાડવા માટે એયુ બેંક એટીએમ્સમાં તમામ મુખ્ય કાર્ડનો ઉપયોગ કરી શકાય છે.</u>